જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ અને ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૯/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ ગોવિંદભાઈ સ/ઓ રામાભાઈ પટણી (ઉ.વ.૪૦) (રહે. પદ્માવતી એપાર્ટમેન્ટ ગોતા સ્મશાન ગૃહ પાછળ ગોતા) એ તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતેના ઘરના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૩૫,૦૫૦/– તેમજ રોકડ રૂપિયા ૪,૬૧,૦૦૦/–મળી કુલ કુલ રૂપિયા ૬,૯૬,૦૫૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એન.ભુકણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૦/૨૦૨૬**

કૃષ્ણનગરઃ નરેશ રવજીભાઈ ગોહિલ (ઉ.વ.૪૫) (રહે. ચંદ્રમોલી ફ્લેટ ભગીરથ–૦૨ સામે પાર્શ્વનાથ રોડ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાની જાતે ઝેરી દવા પી લેતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૧/૨૦૨૬ કલાક ૦૩/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશભાઇ જહાભાઇ ચલાવે છે.

સરદારનગરઃ હસમીતા મહેન્દ્રસિંગ પ્રજાપતિ (ઉ.વ.૨૮) (રહે. નહેરુનગર કેવલ કચોરી કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી